પ્ર. 1 અ] નીચે આપેલ ગદ્યાંશ વાંચી સૂચનાને અનુસરો.

ક) કૃતિ કરો. 2

હિમાલય એ ઉગમ સ્થાન

૧)______ ૨)______ ૩) ______ ૪) ______

દુનિયાના કેટલાક દેશોની જેમ આર્યાવર્તની સંસ્કૃતિ નદીઓના ધાવણ ધાવીને ઉછરી છે, સિંધુ - સતલજને કાંઠે એ જન્મી ગંગા - જમનાને ખોળે ઉછળી નર્મદા ગોદાયે તેને મહાલવા વાટ દીધી ને કૃષ્ણા-કાવેરીએ એને ગોદ લીધી.

સ્વર્ગથીય શ્રેષ્ઠ એવી જન્મદાત્રી જનનીની જોડાં જોડ જન્મભૂમિને મૂકવાની કલ્પના આર્યલોકમાં ઉદય પામી છે બલ્કે,માને પણ દુન્યવી જીવનનો સંબંધ તૂટ્યા બાદ ગંગાસ્વરૂપ કહેવાનો રિવાજ પાડીને એમણે નદીને અગ્રપુજાનું માન આપ્યું.

આ આર્યવર્તની નદીઓનું પિયર ને ગંગા - જમુના - સિંધુ સતલજનું ઉગમ સ્થાન હિમાલયનો ઉત્તરાખંડ હિંદુ પુરાણોમાં બહુ ગવાયો છે. હિમાલયના આ આગલા પાછલા ઢોળાવો પર જ આર્યોના વડવા મૂળ વસેલા ને ત્યાં એમણે પોતાના તપ-તિતિક્ષાને સંશોધનો દ્વારા મોટા મોટા પુરુષાર્થો સિદ્ધ કરેલા અહીં જ મહાન ભગીરથે

ઉતારીને અહીં જ તેને દેવોના દેવ મહાદેવને પ્રસન્ન કરીને સુરલોકની એ ગંગા અને પોતાની જટામાં ઝીલવા રોકેલા.

ખ)કૃતિ કરો. 2

૧) તપ,તિતિક્ષા ને સંશોધન કરનાર.........

૨) દેવોના દેવ મહાદેવને પ્રસન્ન કરનાર.........

૩) ગંગાને પોતાની જટામાં ઝીલનાર.........

૪) નદીઓના ધાવણ ધાવીને ઉછેરનાર......

ગ) યોગ્ય શબ્દ શોધીને લખો. 2

દુર્લભ ઉત્તમ સરીતા ખુશ

ઘ) પ્રસ્તુત ગદ્યાંશને આધારે આર્યવર્તની સંસ્કૃતિ વિશેના તમારા વિચારો જણાવો. 2

આ] નીચે આપેલ ગદ્યાંશ વાંચી સૂચનાને અનુસરો.

ક) કૃતિ કરો. 2

સ્ત્રી સંરક્ષણ માટે જરૂરી

૧)______ ૨)______

3)______ ૪)______

હજુ પણ પુત્રને જન્મ ન આપી શકનારી સ્ત્રીને અપશુકનિયાળ ગણીને એને મહેણાંટોણાં મારવાનાં, પિયરવાટ પકડાવી દેવાની. તમે સ્ત્રીઓને-પુરુષોને ગમે તેટલું જીવવિજ્ઞાન સમજાવો પણ એ સમજવા જ તૈયાર નથી કે પુત્ર કે પુત્રી માટે પુરુષ જવાબદાર છે, સ્ત્રી નહીં - ભણેલો વર્ગ પણ વિજ્ઞાન પચાવી શકતો નથી, આપણા પૂર્વગ્રહો એટલી હદે બળવાન છે ! આમાંથી જ પ્રશ્ન જન્મ્યો સ્ત્રી-ભ્રૂણહત્યાનો ! આપણે સ્ત્રીરોગ નિષ્ણાતોની ઇસ્પિતાલો જોઈએ, પ્રસૂતિગૃહો જોઈએ, સોનોગ્રાફીનાં કેન્દ્રો જોઈએ બધે સ્પષ્ટ જણાવવામાં આવતું હોય છે કે અહીં ગર્ભની જાતિનું પરીક્ષણ કરવામાં આવતું નથી. હવે પ્રશ્ન થાય કે તો પછી આવાં પરીક્ષણો ક્યાં થાય છે, કોણ કરે છે ? ડૉક્ટરોના સાથ સહકાર વિના આ થઈ જ ન શકે. આ અટકાવવા માટેનાં સરકારી પગલાં અધૂરાં છે. પોસ્ટકાર્ડ પાછળ 'બેટી બચાવો' છાપવાથી વાત અટકવાની નથી.

બેટી બચાવો ઝુંબેશ ચલાવનારા________, ________

જયંત નારળીકરની એક ______

ત્યારે કરીશું શું? પૂછનાર ______

ગ)વિશેષણ લખો. 2

_________ ઈસ્પીતાલો _______ પગલાં

_________પ્રચાર _______ કેન્દ્રો

ઘ) " નારી સર્વત્ર પૂજ્યતે" વિશેના વિચારો તમારા શબ્દોમાં કરો. 2

ઈ]નીચે આપેલ ગદ્યાંશ વાંચી સૂચના અનુસરો.

ક) વિધાન પૂર્ણ કરો. 2

૧) સાઠ લાખ રૂપિયાને ખર્ચે..........

૨) જિંદગી સામે ફરિયાદ કરવાનું.......

૩) ઘોડા વર્ષોમાં જગમોહનદાસ........

૪) પણ વિધાતાના ખેલમાં યે........

જગમોહનદાસ એટલા શ્રીમંત હતા કે એમના વર્તુળમાં તે રાજા નામથી જ સંબોધાતા. લક્ષ્મીદેવીએ બેય હાથે તેમની આરતી ઉતારી હશે. સાઠ લાખ રૂપિયાને ખર્ચે દરિયાકિનારે બંધાવેલો તેમનો આસમાની 'આનંદ મહેલ' રાત્રે દીવાના ઝળહળાટથી અલકાપુરીની યાદ આપી જતો. તેમને ઘેર છ મોટરગાડીઓ હતી અને નોકરચાકરનો તો પાર નહિ.

જગમોહનદાસના કુટુંબના આઠ સભ્યો. તેમનાં પત્ની પાર્વતીબહેન, વૃદ્ધ પિતા દયાળજીભાઈ, છવ્વીસ વર્ષનો પુત્ર સુમોહન, પુત્રવધૂ ઉત્પલા, તેમનાં બે બાળકો મિલન તથા મૃણાલ, સોળ વર્ષની પુત્રી પ્રીતિ અને જગમોહનદાસ પોતે.

આટલા બધા વૈભવી સ્થાનમાં, જ્યાં દરેક જણ પોતાની ઇચ્છા પ્રમાણે કરી શકતું હોય ત્યાં કુટુંબમાં ઘર્ષણનો કે એવો પ્રસંગ શાનો ઊભો થાય? બધાં જ લોકો ખૂબ સુખી હતાં. જિંદગી સામે ફરિયાદ કરવાનું એમની પાસે કોઈ કારણ નહોતું.

પણ વિધાતાના ખેલમાં યે અજબ વળાંકો રહ્યા હોય છે. જગમોહનદાસને વેપારમાં એક ભયંકર ફટકો પડ્યો અને વિપત્તિ જ્યારે આવે છે ત્યારે એકલી નથી આવતી, સાથે એના લાવલશ્કરને પણ લાવે છે. એ કહેવત અનુસાર એ ફટકાની પાછળ આઘાતો, પરાજયો, નુકસાનીની એક પછી એક પરંપરા ચાલી આવી.

થોડાં વર્ષોમાં જગમોહનદાસ બધું જ ખોઈ બેઠા.

(કુન્દનિકા કાપડિયાની વાર્તા 'સંસ્કારની શ્રીમંતાઈ'માંથી)

૧)કુટુંબમાં ઘર્ષણ ન થાય____

૨) રાજા નામથી સંબોધતા____

૩) પત્ની____

૪) પિતા____

પ્ર.2

અ] નીચે આપેલો પદ્યાંશ વાંચી સૂચનાને અનુસરો.

૧) યોગ્ય શબ્દ લખો.

પાંદડું-________ અંતર -__________

ભોમ -________ સુરજ-___________

ગમે જગતગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો; (ટેક)
આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે, ઊગરે એ જ ઉદ્વેગ ધરવો.
'હું કરું હું કરું', એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિમંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કોઈક જાણે. -જે.
નીપજે નરથી તો કોઈ નવ રહે દુઃખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દૃષ્ટે આવે નહીં, ભવન ભવન પર છત્ર દાખે. -જે.
ઋતુ લતા-પત્ર-ફળ-ફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે,
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે. -જે.
સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું,
જુગલ કર જોડી કરી નરસૈંયો એમ કહે : જન્મ-પ્રતિજન્મ હરિને જ જાચું. -જે.

૨)કાવ્યના આધારે લખો. 2

ક) કવિ મીથ્યા માનવા કહે છે..............

ખ) જે પ્રભુને ગમે તેનો ન કરાય.............

ગ)કૃષ્ણ વિના બધું છે..............

ઘ) કવિ દરેક જન્મે માંગે છે........

૩) પ્રસ્તુત કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો. 2

ગ્રા]

૧)કાવ્ય પંક્તિ પૂર્ણ કરો.

ક) સમજીને તો પગલું મૂકવું,........

ખ) સંકટ મોટું આવી પડતે........

ગ) ફતેહ કરીને આગળ વધશું,...........

૨) વિસંગત શબ્દ ઓળખો. 2

વેણ	વચન	વાત	પણ
ડગવું	ફરવું	હઠવું	લટવું
હામ	હિંમત	બહાદુરી	શૂરવીર
પૃથ્વી	ધરા	જમીન	વસુંધરા

ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું;
વેણ કાઢ્યું કે ના લટવું ના લટવું. (ટેક)

સમજીને તો પગલું મૂકવું, મૂકીને ના બીવું;
જવાય જો નહિ આગળ તોયે, ફરી ન પાછું લેવું. ડગલું.

સંકટ મોટું આવી પડતે, મોઢું ન કરવું વીલું;
કળે બળે ખૂબ લડવું પણ ના કરવું ફરવા ઊંચું. ડગલું.

જ્યાં ઊભા ત્યાં ચોંટી રહીને, વચન લેવું સબળું;
આભ પડો કે પૃથ્વી ફાટો, તોય ન કરીએ નબળું. ડગલું.

ફતેહ કરીને આગળ વધશું, અથવા અહીંયાં મરશું;

૩) પ્રસ્તુત પદ્યાશને આધારે શૂરવીરતાના લક્ષણો જણાવો. 2

ઈ]નીચેનામાંથી કોઈ પણ એક પ્રશ્નનો ઉત્તર લખો. 4

૧) કાવ્યપંક્તિ સમજાવો : ફતેહ કરીને આગળ વધશું અથવા અહીંયા મરશું.

૨) ચિત્રલેખાના સખીકૃત્યને તમારા શબ્દોમાં વર્ણવો.

૩) "આજે પણ પ્રકૃતિ પાસે માનવ પાંગળો છે"- વિષય પર તમારા વિચારો જણાવો.

વિભાગ -3

પ્ર. ૩ ગદ્યખંડ વાંચી સૂચનાને અનુસરો

ક)વિધાન પૂર્ણ કરો. 2

૧) સમય પસાર થતા ઈશ્વરચંદ્ર..........

૨) આજે હું જે કંઈ પણ છું.........

૩) લોકોના દર્દ અને પીડા દૂર થાય......

૪) આવા ઘરેણાં જ આપણી અને.......

૧. નીચે આપેલો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો :

પ્રખ્યાત સમાજસુધારક ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર સંસ્કૃત ભાષાના પણ મહાન પંડિત હતા. તેમની વિ માતાએ તેમને અનેક તકલીફો વેઠીને ભણાવેલા. દીકરાને ભણાવવા તેમણે પોતાનાં સોનાનાં ઘરેણાં પણ વે દીધેલાં. તેમણે ઘણી બધી મુશ્કેલીઓ સહન કરી હતી.

સમય પસાર થતાં ઈશ્વરચંદ્ર ભણીગણીને મોટા પ્રોફેસર બન્યા. એક દિવસ તેમણે માતાને કહ્યું, "આજે હું જે પણ કંઈ છું તે તારા ત્યાગ અને મમતાને પ્રતાપે છું. તારું ઋણ હું કદી ચૂકવી શકું તેમ નથી. મ અભ્યાસ પાછળ તારાં કિંમતી ઘરેણાં વેચાઈ ગયાં. મારી ઇચ્છા છે કે હું તને નવાં ઘરેણાં લાવી આપું."

માએ હળવેથી અને સુંદર જવાબ આપ્યો, "બેટા ! મારે હવે એવાં ઘરેણાં શું કામનાં ? અને હા છતાં તારી ઇચ્છા હોય તો હું કહું એવાં ઘરેણાં તૈયાર કરી આપ !" ઈશ્વરચંદ્રે ઉત્સાહમાં આવી કહ્યું, "મા ! બોલ કેવાં ઘરેણાં જોઈએ છે ?" માતાએ કહ્યું, "તું ફી વિનાની શાળાઓ શરૂ કર. જ્યાં બાળકો મફત અને સારું શિક્ષ મેળવે. લોકોનાં દર્દ અને પીડા દૂર થાય તેવાં ફી વિનાનાં દવાખાનાં શરૂ કર. ગરીબ અને અશક્ત, લાચાર લોક પેટ ભરીને જમવાનું મળે એવાં સદાવ્રત શરૂ કર. આવાં ઘરેણાં જ આપણી અને સમાજની શોભા બની રહેશે.

ઈશ્વરચંદ્રે માતાની મનોકામના પૂરી કરવા માટે તે જ દિવસથી શુભ કાર્યનો આરંભ શરૂ કરી દીધો.

ખ)સમજીને લખો. 2

૧)પ્રખ્યાત સમાજ સુધારક, સંસ્કૃત ભાષાના મહાન પંડિત__________

૨) તકલીફો ઉઠીને ભણાવનાર__________

3) અભ્યાસ પાછળ વેચાઈ ગયા__________

૪) શુભ કાર્યનો આરંભ કર્યો__________

ગ) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને ભણાવવા માતાએ વેઠેલી મુશ્કેલી પ્રસ્તુત ગદ્યાશને આધારે લખો. 2

આ) ૧૦૦થી ૧૨૦ શબ્દોમાં ઉત્તર લખો. (કોઈપણ

૧)' દુકાળગ્રસ્ત પ્રદેશ- એક કરુણતા' તમારો મત લખો.

૨) શહીદના પરિવાર તરફ સમાજની જવાબદારી વિશે તમારો મત લખો.

ઈ)૫૦ થી ૬૦ શબ્દોમાં સૈદ્ધાંતિક માહિતી ને આધારે ઉત્તર લખો

(૧)' જમનાના નારી હ્રદય ની વ્યથા માટે સમાજ કારણભૂત છે'.- તમારો મત લખો.

(૨)' ડોશીની સ્થિતિ સાથે છછુંદર ગળ્યા જેવી થઈ હતી'- વિધાન તમારા શબ્દોમાં સમજાવો.

વિભાગ-4

પ્ર. ૪. સુચનાને અનુસરો. (કોઈપણ સાત)

ક) સંધિ છોડો. 2

જોગીશ્વર, વ્યર્થ,

ખ) સમાસનો વિગ્રહ કરો. 2

હિંમત મદિરા, ખાળકુંડી

ગ)અલંકાર ઓળખો. 2

૧)હિમાલય એટલે ઉત્તરાખંડ નો દરવાજો

૨)બાજઠ જેવા મંચ પર હાટડી આવેલી હતી.

ઘ) શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો. 2

૨)જેના ઉપર નાટક થાય છે તે ઊંચી જગા

૩)સાથે મળીને થતી વિચારણા

૪)સાણસો ઊંચકીને ચલાવે એવું એક વાહન

ચ) રૂઢિપ્રયોગના અર્થ લખો. 2

મોઢું વિલું કરવું, ચણભણ થવી,

હૈયામાં કોતરાયેલું રહેવું,મસલત કરવી

છ) યોગ્ય વિરામચિન્હો મૂકો. 2

૧) નારદ કહે રે સુદર્શન એને લઈ જવા દે જે તન.

૨) ચતુરાને કહે ચિત્રલેખા બાઈ અણ્યાના ઉપાય કેવા

૩) આપ્યું વાચક એક પ્રમાણી ક્ષણ બેમાં તે આપું આણી.

૪) દૂર પંથ છે દ્વારામતી કયમ જવાય મારી વતી

જ) સંધિ કરો. ?

) નીચેનામાંથી કોઈપણ બે કૃતિ કરો. 10

(૧) નીચેની જાહેર ખબર ના અનુસંધાનમાં અરજી કરો.
(ઈમેલ સ્વરૂપમાં)

જન્મભૂમિ પ્રવાસી તારીખ 15-10-24

જોઈએ છે - મેનેજર (સહકારી બેંક)

યોગ્યતા-ઓછામાં ઓછું સ્નાતક, કમ્પ્યુટરનું જ્ઞાન આવશ્યક

- અનુભવ - ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ જરૂરી

સંપર્ક - આદર્શ સહકારી બેંક, સ્ટેશન રોડ,
કાંદીવલી પૂર્વ, મુંબઈ-૪૦૦ ০૬૭

ઇમેઇલ - sahakari 77@gmail.com

(૨) માહિતીનું રૂપાંતરણ કરો.

આજે વિજ્ઞાનના ક્ષેત્રમાં વર્તમાન યુગ અણુયુગ, રોકેટયુગ, અવકાશ યુગ વગેરે વિવિધ નામે ઓળખાઈ રહ્યો છે. તેમ તે પ્લાસ્ટિક યુગ તરીકે પણ ઓળખાય છે. પ્લાસ્ટિકની ચીજ વસ્તુઓથી આજે આપણે એટલા બધા ટેવાઈ ગયા છીએ કે હવે આપણને તેના વિશે નવાઈ લાગતી નથી. જ્યાં જ્યાં આપણી નજર પડે છે ત્યાં રહેતા રહેનાર રૂપ,રંગ,કદ, પ્રકાર અને આકારની પ્લાસ્ટિકની ચીજો નજરે પડે છે.બીજા વિશ્વ વિગ્રહ પછી

પ્લાસ્ટિક વિના ચાલે તેમ જ નથી. ફાઉન્ટનપેન, વીજળીનો સામાન, બટનો, રેડિયો, બંગડી, દવાની શીશીઓ રસોડામાં ચીજ વસ્તુઓ ભરવાના ડબ્બા, ટેબલ કવર, બાળકોના બાળોતિયા, પડદા,પટ્ટા,માલ ભરવાની થેલીઓ વગેરે અનેક ચીજો રંગબેરંગી પ્લાસ્ટિકની બને છે. ફાઇબર પ્લાસ્ટિકની નૌકાઓ બનવા લાગી છે તે પણ પ્લાસ્ટિકનું એક પ્રકાર છે સોનેરી અને રૂપેરી જરી પણ પ્લાસ્ટિકની બને છે.છત્રીઓ અને કાપડ સુધી પણ પ્લાસ્ટિક પહોંચી ગયું છે. કપ,રકાબી, ટ્રે, વાસણો વગેરે તેમજ શોભાના છોડ અને ફૂલો પણ પ્લાસ્ટિકનાં બને છે દૂરથી એમ લાગે છે સાચાં છે.

પ્લાસ્ટિકનું મૂળ સ્વરૂપ બેકેલાઈટ છે અને બેકેલાઈટ નો શોધક હેન્ડ્રીક બેકેલાન્દ નામનો એક બીલજીયન રસાયણશાસ્ત્રી હતો જે પાછળથી અમેરિકન બનીને બે કે લેન્ડ તરીકે ઓળખાયો.

(૩) પ્રસિદ્ધ ગાયક ગાયિકાની મુલાકાત માટેના પ્રશ્નો તૈયાર કરો.

આ) નીચેનામાંથી કોઈ પણ એક કૃતિ કરો.

(૧) તમારા ઉચ્ચમહાવિદ્યાલયમાં ઉજવાયેલા ગુજરાતી દિવસ નિમિત્તે પ્રાસંગિક વક્તવ્ય તૈયાર કરો.